| | |
|---|---|
| રજુ તારીખ | ૧૮/૦૭/૨૨ |
| દાખલ તારીખ | ૧૮/૦૭/૨૨ |
| ફેસલ તારીખ | ૦૩/૦૧/૨૩ |
| સમયગાળો | |

**અમદાવાદના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૮, અમદાવાદ. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**

**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર. ૪૫૯૮/૨૨**

**આંક–૧૫**

અરજદાર:– મિહિર મનુભાઈ શાહ, ઉવ.પુખ્ત.

રહેવાસી:એ/૪, નવકૃતિ ફલેટ, ટાગોર પાર્કની પાછળ,

નેહરૂનગર ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ.

**વિરુધ્ધ**

સામાવાળા:– ૧. રજીસ્ટ્રારશ્રી, જન્મ મરણ વિભાગ,

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, અમદાવાદ.

**વિષય:– જન્મ મરણ અધિનીયમની કલમ:૧૩(૩) મુજબ મરણની નોંધણીનો હુકમ મેળવવા બાબત.**

અરજદાર તરફે વિ.વકીલશ્રી એમ.આઈ. કાઝી.

સામાવાળા તરફે વિ.વકીલશ્રી કોઈ નથી.

૧. અરજદારે હાલની અરજી જન્મ – મરણ નોંધણી અધિનીયમની કલમ: ૧૩(૩) હેઠળ તેમના માતા નામે સદગુણાબેન મનુભાઈ શાહના મરણ ની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમા એવી હકીકતો જણાવેલ છે કે, તેમના માતાનુ મરણ તારીખ :–૩૧/૦૭/૨૦૧૫ ના રોજ એ/૪, નવકૃતિ ફ્લેટ, ટાગોર પાર્કની પાછળ, નેહરૂનગર ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ મુકામે થયેલ હતુ અને તેમના માતાની મરણની અંતીમ વિધી સાબરમતી સ્મશાનગૃહ અચેર સાબરમતી અમદાવાદ મુકામે કરવામા આવેલ, અને જે તે વખતે તેઓની શરતચુકના કારણે તેમના માતાની મરણ અંગેની નોંધ જન્મ –મરણ નોંધણી અન્વયે સામાવાળાના રકેર્ડમા કરાવવાની રહી ગયેલ છે, અને હાલ તેમના મરણના દાખલાની જરુરીયાત સરકારી કામકાજ તેમજ વારસાઈના કામ સારુ ઉપસ્થીત થતા હાલની અરજી આપેલી છે. અરજદારે અરજીમા તેમના માતાના મરણની વિગતો નીચે મુજબ આપેલ છે.

| | | |
|---|---|---|
| મરનારનુ નામ | :– | સદગુણાબેન મનુભાઈ શાહ |
| મરણ તારીખ | :– | ૩૧/૦૭/૨૦૧૫ |
| મરણ સ્થળ | :– | એ/૪, નવકૃતિ ફ્લેટ, ટાગોર પાર્કની પાછળ, નેહરૂનગર ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ |
| અંતીમવિધી સ્થળ | :– | એલિસબ્રિજ સ્મશાન ગૃહ, એલિસબ્રિજ, અમદાવાદ. |

૨. આમ, ઉપરોકત મુજબની વિગતો હોય અને જે તે વખતે તેમના મરણની નોંધ

કરાવવાની રહી ગયેલ હોય તેથી સામાવાળા અરજદારના માતાના મરણની નોંધ કરી મરણનો દાખલો કાઢી આપે તેવી દાદ અરજદારે માંગેલ છે.

૩. આ અરજી દાખલ થતા અરજી રજીસ્ટરે નોંધવામા આવેલ છે, અને અરજી અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## અરજદાર તરફે રજુ થયેલ પુરાવાઓ

### -: મૌખીક પુરાવો :-

| અ. નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની સરતપાસની એફીડેવીટ | ૯ |
| ૨ | સાહેદ માર્ગી મિહિર શાહ ની સરતપાસની એફીડેવીટ | ૧૦ |
| ૩ | સાહેદ કાપડિયા મમતા શ્રીયક ની સરતપાસની એફીડેવીટ | ૧૧ |
| ૪ | સાહેદ ચેતના વિદ્યુત શાહ ની સરતપાસની એફીડેવીટ | ૧૨ |

### -: દસ્તાવેજી પુરાવો :-

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અમદાવાદ મ્યુ. કોર્પો. ના જન્મ-મરણ નોંધણી વિભાગનુ નો રેકર્ડ સર્ટીફીકેટ | ૪ |
| ૨. | સ્મશાન ની પહોંચ | ૬ |

૩ તા.૧૦/૯/૨૨ના નિર્મળ ગુજરાત સમાચાર પત્રની પ્રસીધ્ધ ૮
થયેલ જાહેર નોટીસ

૪ સ્મશાનના મરણ નોંધણી રજીસ્ટર ના ઉતારાની નકલ. ૧૩

ત્યારબાદ, અરજદારે પુરાવા બંધની પુરસીસ આંક–૧૪ થી રજુ કરેલ છે.

૪. આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોય જેથી અરજદારે જે સરતપાસનુ સોગંદનામુ આપેલ છે, તે પણ સી.આર. પી.સી. ની કલમ: ૨૯૬ હેઠળ ગ્રાહય હોય જેથી તેને ધ્યાને લેવામા આવે છે.

૫. આ કામે અરજદારના રજુ થયેલ પુરાવા જોતા આંક–૪ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ના જન્મ – મરણ નોંધણી વિભાગના નો રેકર્ડ સર્ટીફીકેટ મુજબ અરજદારના માતાના મરણની નોંધણી સામાવાળાના રેકર્ડમા થયેલ નથી તેવુ ફલિત થાય છે અને આ કામે આંક–૬ થી સ્મશાનની પહોંચ અને આંક–૧૩ થી સ્મશાનના મરણ નોંધણી રજીસ્ટર ના ઉતારાની નકલ રજુ થયેલ છે જે વંચાણે લેતા, આ કામે અરજદારના માતાના મરણ બાદ તેમની અંતીમ વિધી એલિસબ્રિજ સ્મશાનગૃહ, એલિસબ્રિજ, અમદાવાદ મુકામે કરવામા આવેલ છે, તેવુ ફલિત થાય છે. અને આ કામે આંક– ૮ થી જાહેર નોટીસ રજુ થયેલ છે અને તે નોટીસના કામે કોઈ વાંધા કે તકરાર રજુ થયેલા નથી અને કાયદા મુજબ મરણ નોંધણી સામાવાળાના સરકારી રેકર્ડમા કરાવવી જરુરી છે અને આ કામે અરજદાર તથા અરજદારના સાહેદોના આંક–૯ થી આંક–૧૨ મુજબના જે પુરાવા રજુ કરેલ છે તે પુરાવાની હકીકતે અરજદારના માતાનુ અવસાન તારીખ:–૩૧/૦૭/૨૦૧૫ ના રોજ થયેલ હોવાનુ જણાઈ આવે છે તે સંજોગોમા અરજી મંજુર થવાને પાત્ર જણાતી હોય, ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ

કરવામા આવે છે.

**:: હુ ક મ ::**

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારના માતાના મરણની નીચે મુજબની વિગતો હોય તે મુજબની વિગતો નોંધી જરુરી લેઈટ ફી વસુલ લઈ નોંધ કરી અરજદારના માતાના મરણનો દાખલો કાઢી આપવો.

| | | |
|---|---|---|
| મરનારનુ નામ | :– | સદગુણાબેન મનુભાઈ શાહ |
| મરણ તારીખ | :– | ૩૧/૦૭/૨૦૧૫ |
| મરણ સ્થળ | :– | એ/૪, નવકૃતિ ફલેટ, ટાગોર પાર્કની પાછળ, નેહરૂનગર ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ |
| અંતીમવિધી સ્થળ | :– | એલિસબ્રિજ સ્મશાન ગૃહ, એલિસબ્રિજ, અમદાવાદ. |

આ હુકમની ચાદી સામાવાળાને કરવી.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૩/૦૧/૨૦૨૩
અમદાવાદ.

(મયુરી ભાસ્કર ભાલીયા)
ઈ.ચા. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૮, અમદાવાદ.
જજકોડ નં.જીજે–૦૧૦૩૭